RIGHT TO INFORMATION

अपील अरजी नं. ६२६ ता.१३–२–१२
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન
વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા. ૧૮–૮–૧૧ના રોજ કરવામાં આવેલ તે તમામ વિસ્તારમાં જે બાંધકામો હેતુફેર કરી કરવામાં આવી રહેલ છે તેમજ થઈ ગયેલ છે તે તમામ મિલકતોમાં સંબંધિત વિભાગ તરફથી શું શું સ્થળ તપાસ કરવામાં આવી તેમજ શું રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૬ /૨૦૧૧–૧૨

શ્રી હેમંત એન.દેસાઈની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા. ૧૮–૮–૧૧ના રોજ કરવામાં આવેલ તે તમામ વિસ્તારમાં જે બાંધકામો હેતુફેર કરી કરવામાં આવી રહેલ છે તેમજ થઈ ગયેલ છે તે તમામ મિલકતોમાં સંબંધિત વિભાગ તરફથી શું શું સ્થળ તપાસ કરવામાં આવી તેમજ શું રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ અરજદારની તા.૧૮–૮–૧૧ની અરજી અંગે થયેલ–નહીં થયેલ માહિતી સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૩૭ તા. ૨૪–૨–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળ્યેથી નારાજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. ૨૫૯૨ તા. ૭–૩–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારની તા. ૧૮–૮–૧૧ની અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/૨૪૧૮ તા. ૨૧–૨–૧૨ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૯૮૦ તા. ૧૧–૧–૧૨થી વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા. ૨–૩–૧૨ના પૂરક પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) સંબંધિત વિભાગમાં વિગતવાર અરજી તા. ૧૮–૮–૧૧ના રોજ કરવામાં આવેલ તે તમામ વિસ્તારમાં જે બાંધકામો હેતુફેર કરી કરવામાં આવી રહેલ છે તેમજ થઈ ગયેલ છે તે તમામ મિલકતોમાં સંબંધિત વિભાગ તરફથી શું શું સ્થળ તપાસ કરવામાં આવી તેમજ શું રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો તે તમામ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી (૨) સબંધિત વિભાગમાં તા. ૧૮–૮–૧૧ના રોજ વિગતવાર કરવામાં આવેલ અરજી બાબતે સબંધિત વિભાગ તરફથી સેન્ટ્રલઝોનના શહેર વિકાસ વિભાગમાં ખાતાકીય શું શું તપાસ કરવામાં આવી તે તમામ તપાસ રીપોર્ટની સહી સિક્કાવાળી નકલ ફાળવવી (૩) સબંધિત વિભાગમાં તા. ૧૮–૮–૧૧ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ તેના અનુસંધાનમાં સેન્ટ્રલઝોનના ઝોનલ ઓફિસરે શહેર વિકાસના અધિકારી પાસે તમામ શેરીમાં (અરજીમાં કરવામાં આવેલ વિસ્તાર) જે બાંધકામ ચાલે છે તે તમામ બાંધકામો હેતુફેર કરી બાંધકામ કરવામાં આવતું હોય તે બાબતે કેટલી મિલકતવાળાને નોટીસ આપવામાં આવી તે તમામ નોટીસની સહી સિક્કાવાળી નકલ ફાળવવી. જે અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૧૯૮૦ તા. ૧૧–૧–૧૨ થી વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. જે વીજીલન્સ ઓફિસર તરફથી પત્ર નં. વી.આઈ.ડી./આ. નં./૧૯૨૬ તા. ૧૭–૧–૧૨ના રોજ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પરત તબદીલ કરેલ. અરજદારની અપીલ બાબતે અપીલ તબક્કે મળેલી કોમ્પ્યુટરાઈઝ પ્રોગ્રામમાં સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારીની નિકાલની વિગતો તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પે. ઓફિસરના તબદીલી પત્રને અનુલક્ષી વીજીલન્સના જાહેર માહિતી અધિકારીને અપીલ વખતે પક્ષકાર બનાવી શકાયેલ નહી. પરંતુ વીજીલન્સ વિભાગ તરફથી અરજદારની તા. ૧૮–૮–૧૧ની અરજી બાબતે થયેલ કે ન થયેલ કાર્યવાહી બાબતેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડેલ જણાતી

નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. પરંતુ તપાસલક્ષી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારીને પરત તબદીલ કરી દીધેલ જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા. ૧૩–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારની મુદ્દા નં. (૧) થી (૩)ની માંગવામાં આવેલી માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૪૧૮ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ "સદર બાબતે તેમોની અરજી સેન્ટ્રલઝોનનો પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/૧૯૮૦ તા. ૧૧–૧–૧૨થી વીજીલન્સ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ છે. વધુમાં સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ઉપલબ્ધ રેકર્ડ પર સદરહુ વિસ્તારમાં બાંધકામના હેતુફેર માટે કોઈપણ નોટીસ આપેલ હોવાનું જણાતું નથી " તેવુ જણાવેલ. અરજદારને અપીલ તબક્કે જો માહિતી મળે તો તે અંગે નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે વીજીલન્સ વિભાગ તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ નથી તેમજ શહેર વિકાસ વિભાગ તરફથી પણ કોઈ જવાબ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે અંગે સેન્ટ્રલઝોન શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૪૧૮ તા. ૨૧–૨–૧૨થી નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલ તબક્કે શ.વિ. અને શ.ગૃ. વિભાગના પત્ર ક્રમાંક–પરચ–૧ ૪૧–મુમ–૧૩૩–લ બાબતેની કાર્યવાહીની માહિતી તેમજ સુરત મહાનગરપાલિકાના આકારણી વિભાગની કોમર્શિયલ બાબતેની માહિતીની માંગણી કરેલ છે. જે મૂળ અરજીથી અપીલ તબક્કે અલાયદી રજુઆત કરેલ છે.

બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં અરજદારે તા. ૧૮–૮–૧૧ના રોજ સ્વયં સ્પષ્ટ અરજી સેન્ટ્રલઝોન,ઝોનલચીફ શ્રીને કરી વીજીલન્સ વિભાગને પણ હેતુફેરના બાંધકામ બાબતે કયા કારણસર એમ બનવા પામેલ છે તેની વિગતો માંગેલ અને તેના અનુસંધાને તા. ૧૦–૧–૧૨ની અરજી એમની તા. ૧૮–૮–૧૧ની અરજી બાબતે શું તપાસ થઈ અને શું રીપોર્ટ કરવામાં આવ્યા તેની વિગતોની માહિતી માંગેલ જે બન્નેમાંથી એકપણ જાહેર માહિતી અધિકારી દ્વારા પુરી પડાયેલ નથી તે દફતરી વિગતે પુરી પાડવી રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૩–૨–૧૨ ધ્યાને લેતાં ૧૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૮–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં. ૧ અને ૨ની જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તથા વીજીલન્સ તરફથી ફરીયાદ હકીકતમાં જણાવ્યા મુજબની નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલ તબક્કે મૂળ અરજીથી શ.વિ. અને શ.ગૃ.નિર્માણના પત્રની કાર્યવાહી તથા આકારણી બાબતેની અલાયદા પ્રશ્ન અંગે આરટીઆઈ એકટના કાયદા અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોલનચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન, વીજીલન્સ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન. દેસાઈ,